# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-06-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર રહેલા ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા સાથે વાતચીત કરી.

2) પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ભારત સેવા અને માનવતા માટે સમર્પિત દેશ છે

3) પ્રધાનમંત્રી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે.

4) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે અમદાવાદ જિલ્લામાં વિવિધ કામોનું લોકાર્પણ કર્યું

5) ભારતે પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોના મૃત્યુ દરમાં 78 ટકાનો ઘટાડો હાંસલ કર્યો

6) ભાજપે પશ્ચિમ બંગાળમાં મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ અંગે મમતા બેનર્જીની સરકારની ટીકા કરી

.................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# Prime Minister - Shubhanshu Shukla

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર રહેલા ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા સાથે વાતચીત કરી. શ્રી મોદીએ કહ્યું કે તમે ભારતથી સૌથી દૂર છો, પરંતુ ભારતીયોના હૃદયની સૌથી નજીક છો અને તમારી યાત્રા એક નવા યુગની શુભ શરૂઆત છે. તેમણે કહ્યું કે પરિક્રમા ભારતની સદીઓ જૂની પરંપરા રહી છે અને તમને ધરતી માતાની પરિક્રમા કરવાની એક દુર્લભ તક મળી છે.

(બાઇટ- નરેન્દ્ર મોદી)

ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાએ કહ્યું કે તેઓ ભારતનું પ્રતિનિધિત્વ કરવાનો ગર્વ અનુભવે છે. પ્રધાનમંત્રી મોદી સાથેનો પોતાનો અનુભવ શેર કરતા કેપ્ટન શુક્લાએ કહ્યું કે જ્યારે તેઓ બાળક હતા, ત્યારે તેમણે ક્યારેય વિચાર્યું ન હતું કે તેઓ અવકાશયાત્રી બની શકશે. કેપ્ટન શુક્લાએ કહ્યું કે પ્રધાનમંત્રીના નેતૃત્વમાં આજનું ભારત ભારતના લોકોને તેમના સપના પૂરા કરવા માટે ઘણી તકો પ્રદાન કરે છે.

(બાઇટ- શુભાંશુ શુક્લા)

કેપ્ટન શુક્લાએ કહ્યું કે તેમણે તેમની તાલીમ દરમિયાન ઘણું શીખ્યા છે અને કહ્યું કે તેમની યાત્રા સમગ્ર દેશ માટે એક સામૂહિક સિદ્ધિ છે. તેમણે યુવાનોને કહ્યું કે આકાશ ક્યારેય મર્યાદા નથી. તેમણે કહ્યું કે ભારત ઝડપથી આગળ વધી રહ્યું છે અને અવકાશમાં તેના પોતાના સ્ટેશન હશે. કેપ્ટન શુક્લાએ કહ્યું કે જ્યારે તેમણે પહેલીવાર ભારતને અવકાશમાંથી જોયું, ત્યારે ભારત નકશા પર દેખાતા કરતા ઘણું ભવ્ય અને મોટું દેખાતું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે આ બુધવારે, ફ્લોરિડામાં કેનેડી સ્પેસ સેન્ટરથી એક્સિઓમ-4 મિશન લોન્ચ કરવામાં આવ્યું હતું, જેમાં ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા હતા. કેપ્ટન શુક્લા બીજા ભારતીય અવકાશયાત્રી છે જેમણે અવકાશની યાત્રા કરી છે. ચાર દાયકા પહેલા, વિંગ કમાન્ડર રાકેશ શર્માએ 1984 માં સોવિયેત મિશન હેઠળ અવકાશમાં મુસાફરી કરી હતી.

# PM JAIN ACHARY

પ્રધાનમંત્રીએ કહ્યું છે કે ભારત સેવા અને માનવતા માટે સમર્પિત દેશ છે. હજારો વર્ષોથી દુનિયાએ હિંસાથી હિંસાને દબાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ ભારતે અહિંસાની શક્તિનો પરિચય કરાવ્યો. પ્રધાનમંત્રી આજે નવી દિલ્હીમાં આચાર્ય વિદ્યાનંદજી મહારાજના શતાબ્દી સમારોહનું ઉદ્ઘાટન કર્યા પછી બોલી રહ્યા હતા. તેમણે કહ્યું કે રાષ્ટ્રે માનવતાની સેવાની ભાવનાને બીજા બધા કરતા ઉપર રાખી છે.

(BYTE : PM SERVICE)

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આચાર્ય વિદ્યાનંદ મુનિ પ્રાચીન ભારતીય પરંપરાના આધુનિક દીવાદાંડી છે. તેમણે એમ પણ કહ્યું કે આચાર્ય શ્રી વિદ્યાનંદજીએ તેમના જીવનને ફક્ત આધ્યાત્મિક અભ્યાસ સુધી મર્યાદિત રાખ્યું ન હતું પરંતુ તેને સમાજ અને સંસ્કૃતિના પુનર્નિર્માણ માટે એક શક્તિશાળી માધ્યમ બનાવ્યું હતું.

આ પ્રસંગે એક ખાસ ટપાલ ટિકિટ અને સ્મારક સિક્કો પણ બહાર પાડવામાં આવ્યો. આ કાર્યક્રમ સાથે, વર્ષભર ચાલતી રાષ્ટ્રીય શ્રદ્ધાંજલિ ઉજવણી ઔપચારિક રીતે શરૂ કરવામાં આવી છે.

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં  વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 123મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગુજરાત રાજ્યના અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના આદરોડા ગામમાં વિવિધ કામોનું લોકાર્પણ કર્યું. જેમાં ADC બેન્ક, સેવા સહકારી મંડળી, કોમ્યુનિટી હૉલનો સમાવેશ થાય છે. આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું કે સાણંદ વિધાનસભાના 54 ગામોમાં GIDC દ્વારા પ્રાથમિક સુવિધા અપાશે.

(બાઇટ: અમિત શાહ, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી)

આ અગાઉ, શ્રી શાહે પંચમહાલ જિલ્લાના ગોધરા સ્થિત શ્રી ગોવિંદ ગુરુ વિશ્વવિદ્યાલય ખાતે વિવિધ પરિયોજનાઓનું ઇ-લોકાર્પણ તથા ઇ-ખાતમુહૂર્ત કર્યું. તેમણે નવનિર્મિત સેન્ટર ઓફ એક્સલન્સ ભવન, મિયાવાકી પદ્ધતિથી વાવેતર, જળાશય અને સ્પોર્ટ્સ કોમ્પલેક્સનું લોકાર્પણ કર્યું હતું.

# India - Death Rate

ભારતે પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોના મૃત્યુ દરમાં 78 ટકાનો ઘટાડો હાંસલ કર્યો છે, જે વૈશ્વિક સ્તરે 61 ટકા હતો. સંયુક્ત રાષ્ટ્ર બાળ મૃત્યુ અંદાજ અહેવાલ મુજબ, નવજાત શિશુ મૃત્યુ દરમાં પણ 70 ટકાનો ઘટાડો થયો છે, જે વૈશ્વિક સ્તરે 54 ટકા હતો.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે રસીકરણ સુધારવા પર સતત ધ્યાન કેન્દ્રિત કરીને, ભારતે વંચિત વસ્તી સુધી પહોંચવા માટે સક્રિય અને સમાવિષ્ટ અભિગમ અપનાવ્યો છે. ભારતની રસીકરણ પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા તેના સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ દ્વારા સ્પષ્ટ થાય છે, જે વાર્ષિક 2.9 કરોડ સગર્ભા સ્ત્રીઓ અને 2.6 કરોડ શિશુઓને મફત રસીકરણ સેવાઓ પૂરી પાડે છે. રસીકરણ અભિયાનના સતત અમલીકરણને કારણે ભારતની કુલ વસ્તીમાં 'શૂન્ય ડોઝ' ધરાવતા બાળકોની ટકાવારી 2023 માં 0.11 ટકાથી ઘટીને 2024 માં 0.06 ટકા થઈ ગઈ છે.

# BJP-TMC West Bengal

ભારતીય જનતા પાર્ટીએ આજે પશ્ચિમ બંગાળમાં મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ અંગે મમતા બેનર્જીની આગેવાની હેઠળની તૃણમૂલ કોંગ્રેસ અને ટીએમસી સરકારની ટીકા કરી છે. નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા, પાર્ટીના પ્રવક્તા સંબિત પાત્રાએ જણાવ્યું હતું કે કોલકાતા લો કોલેજમાં સામૂહિક દુષ્કર્મની ભયાનક ઘટનાથી આખો દેશ ખૂબ જ દુઃખી છે.

શ્રી પાત્રાએ કહ્યું કે ભાજપ પ્રમુખ જેપી નડ્ડાએ ઘટનાસ્થળની મુલાકાત લેવા અને તપાસ કરવા માટે એક સમિતિની રચના કરી છે. સમિતિ ટૂંક સમયમાં ઘટનાસ્થળની મુલાકાત લેશે અને પોતાનો અહેવાલ સુપરત કરશે.

# Pakistani Army-Attack

ઉત્તરપશ્ચિમ પાકિસ્તાનમાં આજે થયેલા આત્મઘાતી હુમલામાં 16 પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા અને 29 લોકો ઘાયલ થયા. આમાં 10 સૈન્ય કર્મચારીઓ અને 19 નાગરિકોનો સમાવેશ થાય છે.

પોલીસના જણાવ્યા અનુસાર, વિસ્ફોટને કારણે બે ઘરોની છત તૂટી પડી, જેમાં છ બાળકો ઘાયલ થયા. એક આત્મઘાતી હુમલાખોરે વિસ્ફોટકોથી ભરેલું વાહન લશ્કરી કાફલા સાથે અથડાવ્યું હતું.

સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, પાકિસ્તાની તાલિબાન સાથે જોડાયેલા હાફિઝ ગુલ બહાદુરના નેતૃત્વ હેઠળના સશસ્ત્ર જૂથની આત્મઘાતી હુમલાખોર વિંગે આ હુમલાની જવાબદારી સ્વીકારી છે.

# WEATHER

હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી છ દિવસ દેશના ઉત્તરપશ્ચિમ, મધ્ય, પૂર્વ અને ઉત્તરપૂર્વમાં મુશળધાર વરસાદ ચાલુ રહેશે. જેમાં કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર અને ગુજરાતમાં ખૂબ જ ભારે વરસાદની આગાહી છે. ઉત્તરપશ્ચિમ ભારતમાં, પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ અને પૂર્વ રાજસ્થાનમાં અને મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા, ઝારખંડ, બિહાર, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં પણ ૩ જુલાઈ સુધી ભારે વરસાદની આગાહી છે. દક્ષિણમાં, તમિલનાડુ અને દરિયાકાંઠાના કર્ણાટક અને કેરળમાં આજે ભારે વરસાદ ચાલુ રહેવાની આગાહી છે.